ક્રિ.પ.અ. નં.૧૧૭૫/૨૦૨૫
ફો. કેસ નં. ૫૧૭૯૨/૨૦૨૦ ના કામે આરોપીની ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ મુજબની જામીન અરજી લગત હુકમ.

---

(૧) સદર ગુના કામે પોલીસ પેપર્સ તેમજ ચાર્જશીટ ધ્યાને લીધી તેમજ જામીન અરજી વંચાણે લીધી તથા આરોપીના વિ.વકીલ શ્રીની દલીલો સાંભળી.

(૨) આરોપીના વિ.વકીલશ્રીએ હાલની અરજીના સમર્થનમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી ગઈ મુદ્દતે હાજર રહી શકેલ ન હતા. આ કામના આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, આરોપીઓ ટ્રાયલ સમયે અદાલત સમક્ષ હાજર રહી કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં મદદરૂપ રહેશે. તેમજ નામ. અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા આરોપી બાહેધરી આપે છે. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈ આરોપીને શરતોને આધિન જમીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આરોપીની વિરૂધ્ધમાં આક્ષેપાયેલ ગુનાના કામે ચાર્જશીટ અગાઉ થઈ ગયેલ છે આરોપીને સમન્સ બજી ગયેલ છે, ત્યારબાદ આરોપીનું પકડ વોરંટ કાઢતા આરોપીઓએ અગાઉ વોરંટ પણ રદદ કરાવેલ છે અને ત્યારબાદ એક પણ મુદદતે હાજર રહેલા નથી તેમજ તેઓના જામીનદારે જામીનખતની શરતો મુજબ સોલવંસી રજુ કરેલ નથી. તેથી આરોપી ટ્રાયલ દરમિયાન હાજર રહેવામાં સતત બેદરકારી દાખવી જામીનની શરતોનું ભંગ કરેલ છે. તે ધ્યાને લઈ આરોપીઓની જામીન અરજી નામંજુર કરવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૪) બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી વિરૂધ્ધ અગાઉ ચાર્જશીટ થઈ ગયેલ છે અને ત્યારબાદ આરોપી ટ્રાયલની કામગીરી દરમિયાન હાજર ન રહેતા તેઓને ટ્રાયલ ના કામે હાજર રહેવા જામીનની શરતોના ભંગ ના કારણે પકડ વોરંટ કાઢવામાં આવેલ જેનું અમલ થઈ ગયેલ છે જે આરોપીની વર્તણુંકને ધ્યાને લઈ નામંજુર કરી આરોપીને કસ્ટડીમાં લેવામાં આવેલ છે. ત્યારબાદ તેઓએ હાલની જામીન અરજી કરેલ છે. તેના સંદર્ભે કેસની હકીકતો જોતા આ કામના આરોપી ટ્રાયલ દરમિયાન સમન્સ બજે હાજર રહેતા ન હોવાથી કેસ ની ટ્રાયલમાં વિલંબ થઈ રહેલ છે. જે ગંભીર બાબત છે.

કેસની હકીકતો જોતા હાલના કેસની ટ્રાયલ નજીક ભવિષ્યમાં ઝડપથી પુરી થશે તેવી શકયતા જણાતી નથી. જેથી માત્ર આરોપીની ગૈરહાજરીના કારણે ટ્રાયલમાં થયેલ વિલમ્બના કારણે, ટ્રાયલની પ્રક્રિયા પુરી થાય તે સમગ્ર સમયગાળા દરમ્યાન આરોપીને જુડિશિયલ કસ્ટડીમાં રાખી તેઓ પર પ્રિ ટ્રાયલ કન્વીકશન કરવા કરતા તેઓને કડક શરતોના આધીન જામીન પર કરેથી ન્યાયનો હેતુ જાળવી શકાય તેમ

છે. તેથી આરોપી સામેના આક્ષેપીત ગુનાની ગંભીરતા અને કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપી નામે સફદર હુશેન ઈકબાલ હુશેન રહે. અમદાવાદ વાળાઓની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ આ અદાલત સમક્ષ રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ પુરા) ના અગાઉ કોઈ કેસમાં જામીન થયેલા ન હોય તેવા સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જમીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

(૧) આરોપી એ ટ્રાયલ દરમિયાન હાજર રહેવું.

(૨) આરોપીએ પોતાના કાયમી રહેઠાણનો પુરાવો તથા કોન્ટેકટ નંબર રજુ કરવો.

(૩) આરોપીએ પુરાવા નોંધતી વખતે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તારીખે હાજર રહેવાનું રહેશે.

(૪) આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાને નુકશાન થાય તેવો કોઈ કૃત્ય જાતે કરવુ નહીં કે બીજા કોઈ મારફતે કરાવવુ નહી.

હુકમ આજરોજ તા. ૧લી, ફેબ્રુઆરી સને ૨૦૨૫ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તા. ૦૧-૦૨-૨૦૨૫

**(વિપિન કુમાર બંસલ)**
૪૦માં એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર